પશુપાલન ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ગુજરાત રાજ્યની પશુધન ઓલાદો





**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાન, ભારત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

**શ્રી રાઘવજી પટેલ**
કેબિનેટ મંત્રી , ગુજરાત સરકાર

**શ્રી પરષોત્તમભાઈ સોલંકી**
રાજ્યકક્ષા મંત્રી, ગુજરાત સરકાર



# ગીર ગાય

- મૂળ વતન: સમગ્ર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જુનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર અને રાજકોટ
- રંગમાં વિવિધતા: લાલ, લાલમાં સફેદ, સફેદમાં લાલ, સફેદ કે કાબરો વિગેરે
- કપાળ મોટું, ગોળ અને ઢોલના જેવું ઉપસેલું
- ભારે અને ઉપસેલા કપાળથી ઢંકાયેલી, ઝીણી તથા બદામ આકારની ઊંડી તથા પ્રમાણમાં નાની આંખો
- શિંગડા: મોટા જાડા મૂળિયામાંથી નીકળી ઉપરના ભાગમાં જાય એથી પાછળના ભાગમાં જતાં જરા વળેલા
- લાંબી તથા લબડતા ગળા પાસેની ગોદળી
- મધ્યમથી માંડી મોટું કદ તથા મજબુત સુદૃઢ બાંધો

- કાનઃ લાંબા, પહોળા અને લબડતા, વળેલા વડના પાન જેવા તેમજ અણીદાર ખાંચાવાળા
- ખૂંધઃ ગાયોમાં મધ્યમ કદની તથા આખલામાં મોટી અને એક બાજુ ઢળેલી
- મૂતરણું મોટું અને ઝુલતું, આંચળ ૧૦ થી ૧૧ સેંમી લાંબા સપ્રમાણ જાડા અને પ્રમાણમાં એક બીજાથી નજીક

# કાંકરેજ ગાય

- મૂળ વતનઃ બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા અને કચ્છ
- રંગઃ સફેદ, સફેદ સાથે કાળાશ પડતો, રાખોડીયો મુંજડો, કાળાશ પડતું માથું, પગ અને ખૂંધનો રંગ ઘાટો
- રકાબી આકારનું ઊંડુ અને પહોળું કપાળ, ચહેરો પહોળાઈમાં નાનો અને લંબાઈવાળો
- નાકની આસપાસ આછા રંગનું કુંડાળું તેમજ ચળકતી આંખો
- લાંબા, અણીદાર અને નીચે ઝુકેલા કાન
- શિંગડાઃ મધ્યમ જાડા, અણીદાર, અર્ધચંદ્રાકાર વળેલા (ત્રિશુલ આકારના), ઉપરની બાજુ જતા
- ટૂંકુ પૂંછડુ





# ડાંગી ગાય

- મૂળ વતન: ગુજરાતમાં ડાંગ જિલ્લામાં અને ધરમપુર અને વાંસદા તાલુકા તથા મહારાષ્ટ્રમાં અહેમદનગર, નાસિક, થાણા અને કોલાબા
- રંગ: સફેદ અને બદામી મુખ્ય કલરમાં- લાલ કે કાળા મોટા ટપકાં
- પ્રમાણમાં મોટું કપાળ
- ટૂંકા પ્રમાણસર પહોળા અને ગોળ કાન
- શિંગડા: મૂળમાંથી નીકળી શરૂઆતમાં પાછળ વધેલા ત્યારબાદ ઊંચે વધેલા તથા છેડેથી આગળ વધેલા, ટૂંકા જાડા અને પ્રમાણમાં બુઠા શિંગડા
- પૂંછડીનો ગૂછ્છો હંમેશા કાળો હોય
- કદ પ્રમાણમાં નાનું હોય, ધાબળી તથા મૂંતરણુ ઝુલતા
- ચામડી વિશિષ્ટ પ્રકારની હોઈ વરસાદના પાણીની અસર શરીર પર ઓછી થાય છે

# ડગરી ગાય

- મૂળ વતનઃ ગુજરાતના ગોધરા/પંચમહાલ, દાહોદ, નર્મદા, છોટાઉદેપુર અને મહિસાગર જિલ્લાઓનો સમાવેશ થાય છે
- ડગરી એ ગુજરાતની ડ્રાફ્ટ જાતિ છે, જેને "ગુજરાત માલવી" તરીકે પણ ઓળખવામાં આવે છે
- રંગઃ મુખ્યત્વે સફેદ રંગની અને ક્યારેક ભુખરા રંગમાં પણ જોવા મળે છે.
- આ ઓલાદના પશુઓ કદમાં નાના હોય છે. શરીરની લંબાઈ ઊંચાઈ કરતા પ્રમાણસર વધુ હોય છે
- કપાળ સીધુ હોય છે
- શિંગડાઃ ટૂંકા, પાતળા, ઉપરની તરફ વળાંકવાળા હોય છે અથવા સીધા અણીવાળા



# નારી ગાય

- મૂળ વતન: ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લા; રાજસ્થાનના પાલી અને સિરોહી જિલ્લા
- નારી એ "સિરોહી" તરીકે ઓળખાતી પશુઓની દ્વિહેતુક ઓલાદ છે
- નારી પશુઓની મોટાભાગની વસ્તી અરવલ્લી વન શ્રેણીની આસપાસ જોવા મળે છે. આ પ્રદેશો થોડો ડુંગરાળ અને અછતગ્રસ્ત વિસ્તાર છે. અરવલ્લીની તળેટીના વિસ્તારોમાં પ્રાણીઓ ગરમ આબોહવાને અનુકૂળ છે
- રંગ: ગાય મુખ્યત્વે સફેદ અથવા ભૂખરા સફેદ રંગ અને નર સફેદ, ભૂખરો સફેદ કે કાળા રંગના
- મધ્યમ કદ
- શિંગડા: સર્પાકાર રીતે વળાંકવાળા અને બહારની તરફ/આગળ તરફ વળેલા, મુળિયાના ભાગે જાડા, પહોળા, લાંબા અને છેડા તરફ નિર્દેશ કરે છે. નર પશુઓમાં શિંગડા મોટેભાગે આગળ તરફ જ્યારે માદા પશુઓમાં મોટેભાગે બહારની તરફ વળેલા હોય છે
- મોટાભાગે કપાળ પહોળું અને થોડું અંતર્મુખ હોય છે
- પૂંછડું લાંબુ અને જમીનને અડે તેવું





# જાફરાબાદી ભેંસ

- મૂળ વતન: સૌરાષ્ટ્રનું ગીર જંગલ, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, અમરેલી, પોરબંદર વગેરે જિલ્લા
- મોટી ભરાવદાર તથા મજબુત બાંધાની અને પ્રમાણમાં વધારે ઊંચી
- રંગ મેંશ જેવો કાળો, જાડી ચામડી અને ઓછા વાળ વાળી
- માથુ ભારે તથા ઉપસેલા કપાળવાળું, ઢાલ જેવું માથું
- આંખો ઝીણી અને ઊંડી ઉતરેલી
- શિંગડા: ભારે, લાંબા, પહોળા અને ચપટા, મૂળથી નીકળી નીચે તરફ વળી જડબા સુધી જઈ બહારની બાજુએથી ઉપરની તરફ વળેલા, ગોળ મોટી ઈંઢોણી જેવા
- કાનના મૂળ શિંગડા પાછળ ઢંકાયેલા

- જાડી, પહોળી અને લાંબી ડોક
- શરીરની લંબાઈ વધુ તેમજ પહોળુ, તથા ચરબી યુક્ત શરીર, પેટ મોટુ કદાવર અને પીઠ સીધી
- પગ મજબુત, જાડા અને લંબાઈમાં ટુંકા

# સુરતી ભેંસ

- મૂળ વતનઃ ભરૂચ, સુરત, વડોદરા અને ચરોતર વિસ્તારમાં આણંદ, નડિયાદ જિલ્લા
- પ્રમાણમાં નીંચી, મધ્યમ કદની અને પાસાદાર બાંધાની
- રંગઃ ભૂરી, ક્યારેક કાળી અને કપાળે ચાંદરી, પગનો ભાગ આછા રંગનો
- જડબા નીચે ગળા પર તેમજ આગળના બે પગની નજીક હડા પર એકથી બે સફેદ પટ્ટા
- શિંગડાઃ ટૂંકા, ચપટા, દાતરડા જેવા - શરૂઆતમાં સહેજ પહોળા થઈ ઉપરની બાજુએ જાય છે અને અણીઓ વળેલી
- કાન મધ્યમ તથા આડા આંકાવાળા
- બાવલુ ચોરસ, મધ્યમ કદનું અને આંચળ સમયાંતરે ગોઠવાયેલ





# મહેસાણી ભેંસ

- મૂળ વતન: મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા
- ઓલાદ સુરતી અને મુર્રાહ ઓલાદના સંકરણથી ઉદ્ભવેલ હોઇ બંને ઓલાદના મિશ્ર લક્ષણો જોવા મળે છે
- રંગે ભૂરી, કાળી કે ચાંદરી
- કદમાં મધ્યમ, શિંગડા બંને બાજુએ ઉગી, બહારની બાજુએ જઈ, સહેજ પાછળ જઈ ઉપર જાય છે અને ગોળાકાર મોટા વળાંકે મળે છે
- આંખ ઉપસેલી અને સૂજેલી

# બન્ની ભેંસ

- મૂળ વતનઃ કચ્છ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, ખેડા, બનાસકાંઠા
- તે કુંડી તરીકે પણ ઓળખાય છે
- રંગે કાળી કે ભૂરી, પૂંછડું લાંબુ અને ભૂરા રંગનું
- કદ મધ્યમથી મોટુ અને મજબુત બાંધો
- શિંગડા બંને બાજુએ ઉગી, બહારની બાજુએ જઈ સહેજ પાછળ જઈ, ઉપર જાય છે અને ૨-૩ આંતરિક ગોળાકાર વળાંક (Internal coiling) ધરાવતા
- પગ નાના અને મજબુત, કુલાનો ભાગ પહોળો ઉપરની તરફ વિકસેલો
- આંખોઃ કાળી અને તેજસ્વી





# પાટણવાડી

- મૂળ વતન: કચ્છ, મહેસાણા અને ઉત્તર ગુજરાત
- મોટું કદ અને લાંબા પગ
- માથું બદામી રંગનું અને નાક રોમન-પોપટની ચાંચ આકારનું
- ઘેટાં કે ઘેટીને શિંગડા હોતા નથી
- કાન: મધ્યમ કદના, લબડતા અને અંદરની બાજુએ વળેલા, કાનની ટોચે વાળનો ગુચ્છો
- ટૂંકી અને પાતળી ગરદન- ગળા નીચે લળિયા તોરા
- આંખો પીળાશ પડતી
- પીળચટ્ટુ સફેદ કાર્પેટ પ્રકારનું ઊન
- નાની અને પાતળી પૂંછડી

# મારવાડી



- મૂળ વતનઃ કચ્છ, ઉત્તર ગુજરાત
- મધ્યમ કદ
- માથું કાળા રંગનું અને આછા ક્રીમ કલરનું શરીર
- નાક સીધુ અને લાંબુ અને કાન ટૂંકા
- આંખો ચમકતી અને પીળી
- ઘેટાં કે ઘેટીને શિંગડા હોતા નથી
- પૂંછડી મધ્યમ અને પાતળી, ઊન સફેદ અને બહુ ઘટ્ટ નહી

# પાંચાલી

- મૂળ વતનઃ સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર અને કચ્છ
- નાકઃ રોમન
- રંગઃ આછાભુરા થી કથ્થઈ રંગનું અને માથાનો કલર ઘાટો
- ઘેટાં કે ઘેટીને શિંગડા હોતા નથી
- શરીરઃ મજબુત, મોટું કદ, લાંબા પગ
- કાનઃ લાંબા/ફાફળા
- પૂછડીઃ લાંબી
- આંખોઃ ચળકતી





# મહેસાણી

- મૂળ વતન: અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને પાટણ
- રંગ: કાળો, કાનના મૂળમાં સફેદ ધાબા
- નાક: રોમન
- લાંબા અને બરછટ વાળ
- કાન સફેદ અને પાંદડા જેવા લબડતા
- શિંગડા થોડાક વાંકાચૂકા- શરૂઆતમાં ઉપરની તરફ અને ત્યારબાદ પાછળ તરફ વળેલા

# સુરતી



- મૂળ વતનઃ વડોદરા, સુરત
- રંગે સફેદ
- ખુબ સારી રીતે વિકસેલ બાવળુ અને શંકુ આકારના આંચળ
- મધ્યમ કાન, શિંગડા નાના અને પાછળની તરફ વળેલા

# ઝાલાવાડી



- મૂળ વતનઃ રાજકોટ અને સુરેન્દ્રનગર
- રંગે કાળી
- લાંબા તથા ભૂખરા વાળ
- વિકસિત બાવલું
- કાનઃ લાંબા તથા પાંદળા જેવા અને લબડતા
- શિંગડાઃ લાંબા સીધા અને અણીદાર અને વળ ધરાવતા
- મુખ્યત્વે દૂધ-માંસ અને ફાઈબર પ્રોડક્શન માટે ઉપયોગી છે



# ગોહીલવાડી

- મૂળ વતન: અમરેલી, ભાવનગર અને જુનાગઢ
- માથું: નાકનું હાડકું ટૂંકું, વચ્ચેથી ઉપસેલું તથા ભરાવદાર.
- આંખો: ઝીણી ઊંડી ઉતરી ગયેલ.
- શિંગડા: મધ્યમ કદના, પાછળ ઢળતા એક થી બે આંટી વાળા, સર્પાકાર, લીસી સપાટી ધરાવતા.
- કાન: ચપટા દબાયેલા ભૂંગળી આકારના મધ્યમ કદના લટકતા
- મધ્યમ કદનું શરીર, શરીર ઉપર લાંબા ઘેરા કાળા વાળ કે લાંબા અને ભૂખરા વાળ
- નાક: રોમન આકારનું

# કચ્છી



- મૂળ વતનઃ અમદાવાદ, કચ્છ
- રંગે કાળી / કથ્થાઈ
- ગરદન નીચે તથા કાનના મૂળમાં સફેદ ધાબા
- લાંબા, વાંકડીયા અને ભૂખરા વાળ
- નાકઃ રોમન
- કાનઃ લાંબા અને લબડતા
- શિંગડાઃ નાના, જાડા અને ઉપરની દિશામાં હોય છે

# કાહમી

- મૂળ વતનઃ સૌરાષ્ટ્ર અને મુખ્યત્વે રાજકોટ, જામનગર, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા
- રંગઃ ગરદન અને ચહેરો લાલ કથ્થઈ છે જ્યારે પાછળનો પેટનો ભાગ કાળો છે
- કાન લાંબા, ટ્યુબ્યુલર અને વીંટળાયેલા, જેને સ્થાનિક રીતે વેલુડી કહે છે
- પગઃ લાંબા
- કપાળઃ બહિર્મુખ
- શિંગડાઃ મરોળદાર અને પાછળની તરફ વળેલા
- પુખ્ત નરનું વજન ૫૬ અને માંદાનું ૪૮ કિલો જેટલું





# કાઠીયાવાડી અશ્વ

- મૂળ વતન: રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને અમરેલી
- રંગ: મુખ્યત્વે બદામી, સફેદ, ઘેરો કથ્થાઈ, સોનેરી બગો, જાંબુડીયો વિગેરે રંગ પણ જોવા મળે છે.
- ઊંચાઈમાં મારવાડી ના પ્રમાણમાં નીચાં
- પહોળું કપાળ, ટૂંકી મોખલી, મોટી બહાર નીકળેલી આંખો,પહોળા નસકોરા અને બંને કાનની ટોચનું એક બીજાને અડવું જે કાઠીયાવાડી ઓલાદના ખાસ લક્ષણો છે.
- નાના વળેલા કાન અને જમીનને અડે તેવું લાંબુ પૂંછડું

સરેરાશ માપ

| | |
|---|---|
| • મોખલીની ગોળાઈ | ૧૮ ઈંચ |
| • માથાના છેડાથી હોઠનું અંતર | ૧૬ ઈંચ |
| • બે આંખ વચ્ચેનું અંતર | ૬ ઈંચ |
| • બે કાન વચ્ચેનું અંતર | ૩ ઈંચ |
| • ઊંચાઈ | ૫૮ ઈંચ (૧૪.૫ હાથ-મૂઠી ) |
| • છાતીની ગોળાઈ | ૬૩ ઈંચ |
| • પૂંછડીની લંબાઈ | ૧૨૦ - ૧૫૦ સેં.મી |



# મારવાડી અશ્વ

- રંગ: મુખ્યત્વે કાળો-આ ઉપરાંત સફેદમાં કાળા ધાબા, સફેદમાં લાલ ધાબા, વિગેરે પણ જોવા મળે છે.
- ઊંચાઈમાં કાઠીયાવાડીના પ્રમાણમાં વધારે ઊંચા
- કાનની લંબાઈ પ્રમાણમાં લાંબા ૧૮ સે.મી
- બે કાન વચ્ચેનુ અંતર ૩ ઈંચથી વધારે
- ઊંચાઈ ૬૦ ઈંચથી વધારે
- છાતીની ગોળાઈ ૬૮ ઈંચ (૧૬૬ સે.મી)
- આંખો ઈંડાકાર

# કચ્છી-સિંધી અશ્વ



- કચ્છી-સિંધી ઘોડાઓ તેમની 'રેવાલ ચાલ' (દોડવાની અનોખી શૈલી) માટે પ્રખ્યાત છે.
- આ ઘોડાઓનું સંવર્ધન સ્થળ સુરત, નવસારી, કચ્છ જિલ્લો છે.
- કચ્છી-સિંધી ઘોડાઓમાં સૌથી વધુ પરિચિત રંગો બે (Bay) અને ચેસ્ટનટ છે.
- રોમન નાક, કાન છેડા પર વળેલા પરંતુ એકબીજાને સ્પર્શતા નથી, પીઠની લંબાઈ ટૂંકી
- મારવાડી અને કાઠિયાવાડીની જેમ કાન સ્પર્શતા કે એકબીજાને અડતા નથી
- કચ્છી-સિંધિ અશ્વ સુદૃઢ શરીર સાથે સીધી અને ટૂંકી ગરદન, સીધી અને ટૂંકીપીઠ, પ્રમાણમાં ઢળતો થાપો (કોઉપ) ધરાવે છે.
- કચ્છી - સિંધિ અશ્વ પ્રમાણમાં મધ્યમથી મોટા કદના હોય છે અને ઊંચાઈ ૫૬ થી ૬૦ ઈંચની વચ્ચે હોય છે



# હાલારી ગર્દભ

- મૂળ વતન: જામનગર, દેવભૂમિ દ્વારકા
- શરીરનો રંગ મોટા ભાગે સફેદ
- કાન મોટા અને સીધા
- ચહેરાની રચનામાં અંતર્મુખ નાક / રોમન નાક હોય છે
- શારીરિક કદ મોટું હોય છે
- કચ્છી ગધેડાની ઊંચાઈ વધારે હોય છે
- માલધારીઓ સ્થળાંતર દરમિયાન ભારવાહક પ્રાણી તરીકે ઉપયોગ કરે છે

# કચ્છી ગર્દભ

- ગુજરાતના કચ્છ જિલ્લામાં જોવા મળે છે
- કોટનો રંગ મુખ્યત્વે રાખોડી (ડોર્સલ સપાટી ગ્રે અને વેન્ટ્રલ સપાટી સફેદ) સફેદ, ભૂરો અને કાળો હોય છે
- કપાળ બહિર્મુખ છે. નાકનું હાડકું સીધું છે
- સ્વભાવમાં નમ્ર
- તેનો ઉપયોગ કૃષિ હેતુ માટે થાય છે જેમ કે નીંદણ દૂર કરવા માટે આંતર ખેતી કરવા માટે
- પશુપાલક સ્થળાંતર દરમિયાન ગર્દભ ગાડા તરીકે, પેક પ્રાણી તરીકે પરિવહન માટે પણ ઉપયોગમાં લેવાય છે
- પાછળ ૮૦-૧૦૦ Kg અને કાર્ટ પર ૨૦૦-૩૦૦ Kg ખેંચી વહન કરી શકે છે





# કચ્છી ઊંટ

- મૂળ વતનઃ કચ્છ અને બનાસકાંઠા
- કદમાં નાના- શરીરનુ પ્રમાણમાં ટૂંકું બંધારણ
- ઘાટો બદામી અથવા લાલથી ઘેરો લાલ અને સામાન્ય કાળો અથવા ભૂખરો રંગ
- ડોક (ગરદન) પાતળી, મોઢું નાનુ, કપાળ વચ્ચે ખાડો એ આ ઓલાદની મુખ્ય લાક્ષણિકતા છે
- કાન નાના અને આંખો તેજ
- કચ્છી ઊંટ સારુ દૂધ ઉત્પાદન આપે છે જે રોજનું સરેરાશ ૬ થી ૭ લિટર છે
- કચ્છી ઊંટ ૫ કિ.મી/કલાકની ઝડપે ૧૬૦૦ કિ.ગ્રા સુધીનું વજન ખેંચી શકે છે
- કચ્છી ઊંટ ૦.૭૫ થી ૧.૩૨ હોર્સ પાવર શકિતથી કામ કરે છે

# ખારાઇ ઊંટ

- મૂળ વતન: કચ્છ, ભરૂચ, આણંદ, ભાવનગરના દરિયાકાંઠાના વિસ્તાર
- તે ઉભય જીવી (ઈકો ટોનલ) ઓલાદ છે. ખારાઇ ઊંટ સુકા તથા દરિયા કિનારાના વાતાવરણમાં જીવી શકે છે
- ગરદનનો ભાગ જાડો હોય છે
- ખારાઇ ઊંટ દરીયાના પાણીમાં તરી શકે છે
- ચામડીના રોગો સામે સારી રોગપ્રતિકાર શક્તિ  ધરાવે છે
- બદામી / કથ્થાઈ રંગનું શરીર ધરાવે છે
- ખારાશ વાળા વૃક્ષ તથા છોડનું સારી રીતે પાચન કરી શકે છે
- ઊંટની છાતીનો ભાગ નાનો હોવાથી આગળના ભુજાસ્થિને ઊંટ ચાલે ત્યારે ઘસાતો નથી
- ખારાઇ ઊંટના વાળ સુંવાળા અને લાંબા હોય છે





# અંકલેશ્વર

- મુખ્યત્વે ભરુચ અને નર્મદા જિલ્લામાં જોવા મળે છે
- મધ્યમ કદના પક્ષી
- સીંગલ અને રોઝ કલગી
- સફેદ, ટપકાવાળા કે સ્ટ્રીપ પીંછા
- વાર્ષિક ઈંડા ઉત્પાદન ૮૦ થી ૯૦ છે

# બુસરા



- ડાંગ અને સુરત જિલ્લાઓમાં મુખ્યત્વે જોવા મળે છે
- પીછાનો રંગ સફેદ, કાળા અને કથ્થઈ સાથે મીક્ષ તથા ગળા, પાછળ અને પૂછમાં કાળા પીંછા
- કાનની બુટ સફેદ. કલગી (વેટલ) લાલ રંગના
- નાના કદના પક્ષી
- વાર્ષિક ઈંડા ઉત્પાદન ૪૦-૫૫ છે

# અરવલ્લી

- મુખ્યત્વે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને મહિસાગર જિલ્લાઓમાં જોવા મળે છે
- ગોલ્ડન કે ભુરા રંગના પીંછા
- પુંછનો રંગ ઘેરો



પશુપાલન ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ગુજરાત રાજ્યની પશુધન ઓલાદો

(G.P.V)-Y-5657-20000-Bks-01-25-A5**